eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 348
January 17, 2014

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૯/૧/૨૦૧૪ના રોજ બે સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન વસુલવામાં આવેલ વહીવટી ચાર્જ રૂા.૫૫૦૦૦.૦૦:–

સાઉથઝોન(ઉધના)માં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૧/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ અને જુની./આસી.ઈજનેરો/ દબાણ ખાતાના માણસો તેમજ સીકયુરીટી સ્ટાફને સાથે રાખીને ટી.પી.ના રસ્તાના કબજા માટે કરેલ ડિમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તમામ શહેરી વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ તથા લોકાર્પણવિધિ કાર્યક્રમ બાબત :–



સુરત મહાનગરપાલિકા ધ્વારા તમામ શહેરી વિસ્તારમાં રૂા.૭૨૪.૦૯ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ તથા લોકાર્પણવિધિ શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૧/૦૧/૨૦૧૪ના રોજ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધી કાર્યક્રમ બાબત :–



સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ શહેરી વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૧૪ના રોજ રૂા.૭૧૮૬.૨૧ લાખનાં ખર્ચે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધી શ્રીમતી આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદ્હસ્તે રાખવામાં આવતી હતી. આ પ્રસંગે મા.મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું સ્વાગત મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા તથા મ્યુ. કમિશ્નરશ્રી એમ.કે.દાસે કર્યુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી બાબત :–

અત્રેના ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬ (પીપલોદ) માં ફા.પ્લોટ નં.૧૨૧ અને ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૧૨૯ માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં રહીશો દ્વારા નિયમિત માસિક હપ્તાની રકમ સુરત મહાનગરપાલિકામાં જમા ન કરાવતાં અત્રેથી સદરહુ બંને ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સમાં સ્થળ ઉપર માસિક હપ્તા વસુલ લેવાની ઝુંબેશ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)શકિત વિજય સોસાયટીના ૩૦.૦૦ મી. ના નહેરવાળા ડી.પી. રસ્તા પર દબાણ /ડિમોલીશનની કામગીરી :–

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી પસાર થતા ૩૦.૦૦ મી. ના નહેરવાળા ડી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા અસર હેઠળ આવે છે. જે પૈકી સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે દબાણ કરી સદર નહેર/ રસ્તા પૈકીના ભાગમાં હાલમાં બનેલ નવા બાંધકામ પૈકી કુલ (આઠ) રૂમોના ચણતર તથા પતરાનું બાંધકામ તોડીને આશર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૩૪૫/અ/બ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત વાળી મિલ્કતમાં મહાનગરપાલિકાની પરવાનગી વગર હયાત ભોંયતળીયા વત્તા એક માળવાળી મિલ્કતમાં હીત ધરાવનારાઓ શ્રીમતિ કલ્પનાબેન ગીરીશકુમાર મેપાની, શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–

સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧મી નાટ્ય સ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો" અને "રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો" તથા "શિલ્પગ્રામ મેળા"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં ઝુંપડા/દબાણ હટાવ ઝુંબેશ :–

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) ફા. પ્લોટ નં. ૨૨/બી કે જે સુરત મહાનગરપાલિકાનો રીઝર્વેશનનો પ્લોટ છે. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા "એકતા નગર" વસાહતમાં લાભાર્થીઓને પ્લોટ ફાળવી વસાવવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૮(ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૩૪ પૈકી અરિહંત માર્કેટ ગોડાઉન વાળી જગ્યામાં આશરે ૯.૪૦ મી. × ૪૦.૦ મી. (એવરેજ) માપવિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગ્રાઉન્ડ ફ્લોર ઉપર લોખંડના ગર્ડર / ચેનલ ઉભા કરી ફેબ્રીકેશન કરી ફરતે ચણતરકામ કરીને પ્રથમમાળ બનાવવાના ઈરાદે શરૂ કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૯/૧/૨૦૧૪ના રોજ બે સ્થળોએ કરવામાં આવેલ ડિમોલીશન વસુલવામાં આવેલ વહીવટી ચાર્જ રૂા.૫૫૦૦૦.૦૦ :–

સાઉથઝોન(ઉધના)માં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ.

(૧) સાઉથઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૨(ઉધના) ફા.પ્લોટ નં.૮૯ માં સબપ્લોટ નં.૭૦,૭૧,૭૨ ના મિલકતના પિયુષ ચાર રસ્તા પર આવેલ ઉન્નતિ રેસ્ટોરન્ટની ઉપર આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતરકામ દુર કરી ડિમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ ૫૦૦૦૦.૦૦ તથા ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦૦૦.૦૦ વસુલવામાં આવેલ.

(૨)સાઉથઝોન (ઉધના)માં ટી.પી.સ્કીમ નં.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૬૨ માં સબપ્લોટ નં.૩૯ થી ૪૩ ની મિલકતમાં પાર્કીગના ભાગમાં દીવાલ તથા ત્રીજા માળના આર.સી.સી. માટે સેન્ટીંગ, શટરીંગ કરવામાં આવતા, પાર્કીગના ભાગમાં દિવાલ તથા સેન્ટીંગ, શટરીંગ કામ અત્રેથી દુર કરીને વહીવટી ચાર્જ ૫૦૦૦.૦૦ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત ડિમોલીશનોની કામગીરી સાઉથઝોન (ઉધના) શહેરી વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી સંપન્ન કરવામાં આવેલ.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૧/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ અને જુની./આસી.ઈજનેરો/ દબાણ ખાતાના માણસો તેમજ સીકયુરીટી સ્ટાફને સાથે રાખીને ટી.પી.ના રસ્તાના કબજા માટે કરેલ ડિમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૭(ઉત્રાણ–કોસાડ) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી.રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં.૨૦, ૧૬,૧૯, ૧૮, ૧૨, ૧૦, ૪, ૧૯૬,૧૯૮,૩ અને ૧ વચ્ચેથી પસાર થતો ૩૬.૦૦ મી. ટી.પી.રસ્તાના અંદાજે ૫૪૦ મી.ની લંબાઈમાં ૧૮૪૬૮ ચો.મી. રસ્તાની જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે તેમજ સદર રસ્તાની જગ્યામાં દબાણરૂપ ૧૫ ઝુંપડા, એક પાકુ ઈન્ડસ્ટ્રીયલ શેડ આશરે ૧૯.૦ × ૬.૦ મી. તેમજ ૧૨ ખાણીપીણીના ધાબાનુ દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી.રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં.૧૬, ૧૮૧, ૧૯, ૧૩,૮,૭,૯,૧૯૧,૧૬૦,૧૫, ૧૪,૧૧ અને ૧૭ વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી. ટી.પી.રસ્તાના અંદાજે ૪૨૦ મી. ની લંબાઈમાં ૬૫૨૦ ચો.મી. રસ્તાની જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ફા.પ્લોટ નં.૧૯૬ માં ગાર્ડનનું રીઝર્વેશન આવેલ છે. જેમાં ૧૦ જેટલા પાકા ઝુંપડાનું દબાણ દુર કરી આશરે ૫૯૨૮ ચો.મી. વિસ્તારમાં રીઝર્વેશન પ્લોટનો કબજો ખુલ્લો કરાવવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૧/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ડે.ઈજનેર તથા જુની. ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૪(ટુંકી)માં ફા.પ્લોટ નં.૧૨/ પૈકીમાં આવેલ નીલકંઠ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ–૩ ના સબ પ્લોટ નં. ૩ માં મંજુરી વિના શરૂ કરેલ બાંધકામ અત્રેથી બંધ કરાવવામાં આવેલ તેમ છતાં સતત બાંધકામ ચાલુ રાખતા સદર પ્લોટનો અમુક ભાગ લાગુ ફા.પ્લોટ નં. ૧૦ થી નોંધાયેલ સેલેબલ ફોર કોમર્શીયલ વાળી રીઝર્વેશનની અસર હેઠળ હોય સદર જગ્યામાં શરૂ કરેલ પ્લીન્થ વાળુ આર.સી.સી. કોલમો ઉભા કરવા સહિતનું દબાણ અત્રેથી દુર કરવામાં આવેલ છે તથા મિલ્કતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૫૪ માં આવેલ નવનાથ સોસાયટીના સબ પ્લોટ નં.૨૯ થી ૩૨ માં મિલ્કતદારે શરૂ કરેલ મંજુરી વિનાના બાંધકામ સબબ પ્રશ્નવાળી મિલ્કતમાં ગ્રા.ફલોર સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલ સેન્ટરીંગ / શટરીંગનું આશરે ૧૦૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૭૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## તમામ શહેરી વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ તથા લોકાર્પણવિધિ કાર્યક્રમ બાબત :–



સુરત મહાનગરપાલિકા ધ્વારા તમામ શહેરી વિસ્તારમાં રૂા.૭૨૪.૦૯ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ તથા લોકાર્પણવિધિ શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે રાખવામાં આવી હતી.

આજ રોજ વેસુ–ભરથાણા ખાતે એલ.આઈ.જી. આવાસોની ખાતમુહૂર્તવિધિ તથા બોરડા ફાર્મની સામે, પુણા ગામ તળાવની બાજુમાં યોજાયેલ જાહેર સમારંભમાં અંદાજિત રૂા. ૬૫૨ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણ વિધિ ગુજરાત રાજયના મા.મંત્રીશ્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે સંપન્ન કરવામાં આવી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે આજ રોજ અંદાજિત રૂા. ૬૫૨ કરોડના ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણ વિધિ સંપન્ન થઈ તથા તા. ૧૧/૦૧/૨૦૧૪ ના રોજ રૂા. ૭૧.૮૬ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ તથા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા અંદાજિત રૂા. ૧૦૨.૬૩ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ મા. મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે સંપન્ન થશે. સુરત મહાનગરપાલિકાએ પોતાની વિકાસ ગાથામાં નવો અધ્યાય સ્થાપિત કર્યો છે. તમામ શહેરી વિસ્તારમાં વિવિધ પ્રકલ્પો જેવા કે વેસુ–ભરથાણા ખાતે શહેરી ગરીબો માટે ૨૧૯૧યન આવાસો, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને વિસ્તૃતીકરણના કામો, મીંઢોળા રીવર પોલ્યુશન એબેટમેન્ટ હેઠળ ખાડી પ્રોટેકશનના કામો, સુએઝ પંપીંગ સ્ટેશનના કામો, ડ્રેનેજ લાઈન તથા વરસાદી ગટરના કામો, મંખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત આવાસના કામો, સીમેન્ટ કોંન્ક્રીટ રોડ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્પોટર્સ કોમ્પલેક્ષ એન્ડ સ્વીમીંગ પુલ, ખાડી પુલના કામો, પ્રાથમિક શાળા, આંગણવાડી, શોપીંગ સેન્ટર વિગેરેના કામો, પાર્ટી પ્લોટના કામો, ગાર્ડન વિકાસ વગેરે પ્રકલ્પો ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

વધુમાં સને ૨૦૧૪–૧૫ વર્ષના બજેટમાં રૂા. ૧૬૫૦ ખર્ચના કેપીટલ કામો, ત્રણ (૦૩)બ્રિજ, બે (૦૨)આર.ઓ.બી., અઢાર (૧૮)ફલાય ઓવર બ્રિજ બનશે તથા બીઆરટીએસ ટુંક સમયમાં શરૂ થનાર છે તથા ભારતભરમાં સર્વ પ્રથમ ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુરતમાં શરૂ થશે. રાજય સરકાર તરફથી રૂા. ૫૨૦ કરોડ કરતા વધારે ગ્રાંટ મળી છે અને ટી.પી.ના કામોપણ ઝડપથી થયા છે.

ત્યાર બાદ શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદહસ્તે વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણ વિધિ સંપન્ન કરવામાં આવી.

સુરત મહાનગરપાલિકાને ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે થયેલ નુકશાન તેમજ વ્યવસ્થા માટે સુરત મહાનગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ, પીવાના શુધ્ધ પાણી અને બીજી મિલકતોના થયેલ નુકશાન, કચરાનો ભરાવો, ગંદકીના નિવારણ માટે આરોગ્યલક્ષી કામગીરી, દવા છંટકાવ વિગેરે પ્રજાલક્ષી કામો માટે રૂા. ૧૮ કરોડની ગ્રાંટ સુરત મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ છે તે બદલ મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ તથા મા. કમિશનરશ્રી એમ. કે. દાસે ગુજરાત રાજયના મા. મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને આભારપત્ર અર્પણ કર્યુ હતું.

ત્યારબાદ સુરત મહાનગરપાલિકાએ "બેટી બચાવ" ઝુંબેશના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કુ. ભાષા વાઘાણીની નિયુકિત કરી હતી. આ પ્રસંગે કુ. ભાષા વાઘાણીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલ વિશે તથા "બેટી બચાવો" વિશે હદયસ્પર્શી પ્રવચન કર્યુ હતું.

મા. ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કેસુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૭૫૦ કરોડ જેટલા ખાતમુહૂર્ત/લોકાર્પણ થયું છે. સને ૨૦૦૭ થી અત્યાર સુધીના જે નવા વિસ્તારનો શહેરમાં સમાવેશ થયો છે. તેમને સને ૨૦૧૪ સુધીમાં પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, રસ્તાઓ જેવી પ્રાથમિક સુવિધાઓ સાત વર્ષના ટુંકા ગાળામાં પૂર્ણ કરાવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના સાત ઝોનમાં સમતોલ વિકાસ થયો છે. સુરત મહાનગરપાલિકાના "બહુજન હિતાય બહુજન સુખાય" ના સુત્રને સાર્થક કરે છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકાએ તેની કામગીરી અર્થે વિવિધ ક્ષેત્રોએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. હદદ દભધક હજબદભી સુરતને ઝડપથી વિકાસ પામતા શહેર તરીકે વખાણ્યું છે. ટુંક સમયમાં સંજીવકુમાર ઓડીટોરીયમ, મરીન એકવેરીયમનું લોકાર્પણ થશે તથા સુરત મહાનગરપાલિકાએ મોબાઈલ એપ્સની સુવિધા, શહેરીજનોને આપેલ છે. આ પ્રસંગે "બેટી બચાવ" ઝુંબેશના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કુ. ભાષા વાઘાણીને સાંસદશ્રી સી.આર. પાટીલે દત્તક લેવાની જાહેરાત કરી હતી.

શ્રીમતિ આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજયએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં ઉદબોધન કરતા જણાવ્યું કે "બેટી બચાવ" ઝુંબેશના બ્રાન્ડ એમ્બેસેડર કુ. ભાષા વાઘાણીની "બેટી બચાવ" ઝુંબેશને વધુમાં વધુ પ્રોત્સાહન મળે તથા વધુમાં વધુ બાળકીઓ આ બાબતે જનતાને જાગૃત કરે એ બાબતે અપીલ કરી હતી. ૨૧મી સદીના બાળકોનો આઈકયુ ગજબનો છે.વર્ષ ૨૦૦૨–૦૩ના સમયગાળા દરમ્યાન અમદાવાદ ખાતેથી બેટી બચાવો ઝુંબેશ શરૂ કરી હતી. મા. મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ભ્રૂણ હત્યા બાબતે કડક પગલાં ભરવા તંત્રને અનુરોધ

કર્યો હતો. દિલ્હી તથા સુરત શહેરની પાણી પુરવઠા બાબતે તુલના કરી હતી. સુરત શહેરમાં દિલ્હી કરતા પાણી પુરવઠો સસ્તો છે એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. સાંસદશ્રી સી.આર.પાટીલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.ધારાસભ્યશ્રી અજયકુમાર ચોકસી, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશ દેસાઈ, શાસકપક્ષના નેતાશ્રી રમેશ કે. લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,મ્યુ.કમિશનરશ્રી, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ડે. મેયરશ્રી દયાશંકરસિંહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

TOP

## તા.૧૧/૦૧/૨૦૧૪ના રોજ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધી કાર્યક્રમ બાબત :–



સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ શહેરી વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૧૪ના રોજ રૂા.૭૧૮૬.૨૧ લાખનાં ખર્ચે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધી શ્રીમતી આનંદીબેન પટેલ, મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદ્દહસ્તે રાખવામાં આવતી હતી. આ પ્રસંગે મા.મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું સ્વાગત મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા તથા મ્યુ. કમિશ્નરશ્રી એમ.કે.દાસે કર્યુ હતું.

આજરોજ અલથાણ ભટારમાં યુનિયનપાર્ક રોડ પર આવેલ કેનાલ જંકશનથી ઉધના–મગદલ્લા જંકશન સુધીના જોગીંગ ટ્રેકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પંપીગ સ્ટેશન અને ડ્રેનેજ નેટવર્ક, વોકવે, ખાડીપુલો, પ્રાથમિક શાળા, હેલ્થ સેન્ટર, કોમ્યુનીટી હોલ, વોર્ડ ઓફિસ, વાંચનાલય જેવા પ્રકલ્પોની તકતીઓની લોકાર્પણવિધિની શ્રીમતી આનંદીબેન પટેલ મા.મંત્રીશ્રી મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, શહેરી વિકાસ, શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત રાજયના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવી હતી.

આ પ્રસંગે મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મા.ધારાસભ્યશ્રી અજય ચોકસી, મા.ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાવાળા, મા.ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજેશ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી રમેશ કે. લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.કમિશ્નરશ્રી, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં થયેલ કામગીરી નીચે મુજબ છે.

અત્રેના ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬ (પીપલોદ) માં ફા.પ્લોટ નં.૧૨૧ અને ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૧૨૯ માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં રહીશો દ્વારા નિયમિત માસિક હપ્તાની રકમ સુરત મહાનગરપાલિકામાં જમા ન કરાવતાં અત્રેથી સદરહુ બંને ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સમાં સ્થળ ઉપર માસિક હપ્તા વસુલ લેવાની ઝુંબેશ તા.૦૮.૦૧.૨૦૧૪ તેમજ તા.૦૯.૦૧.૨૦૧૪ ના રોજ આદરવામાં આવેલ. જે અન્વયે સ્થળ પર માસિક હપ્તા ન ચુકવતા આશરે ૯ આવાસોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ. જેથી તે પૈકીના ૬ આવાસોનાં કબજેદારો દ્વારા ભરવા જોગ રકમ સ્થળ પર જ જમા કરાવતાં તેઓના આવાસોના સીલ ખોલી આપવામાં આવેલ. આ ઝુંબેશ દરમ્યાન ટી.પી.સ્કીમ નં.૬ (પીપલોદ) માં ફા.પ્લોટ નં.૧૨૧ તા.૦૮.૦૧.૨૦૧૪ ના રોજ સ્થળ પર કુલ રૂા.૩,૫૪,૭૫૪.૦૦/– અને ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૧૨૦ તા.૦૯.૦૧.૨૦૧૪ના રોજ સ્થળ પર કુલ રૂા.૩,૯૨,૪૦૪.૦૦/– મળી કુલ રૂા.૭,૪૭,૧૫૮/– વસુલ લેવામાં આવેલ છે. વધુમાં આગામી દિવસોમાં અત્રેના ઝોન વિસ્તારમાં આવેલ તમામ ઈ.ડબલ્યુ.એસ. આવાસોમાં આ પ્રકારની ઝુંબેશ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૧/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી) માં ફા.પ્લોટ નં.૧૨/પૈકીમાં આવેલ નીલકંઠ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ – ૫ ના સબ પ્લોટ નં.૫,૬,૭ માં આવેલ મિલ્કતમાં મંજુરી વિના શરૂ કરેલ બાંધકામ અત્રેથી બંધ કરાવવામાં આવેલ તેમ છતાં સતત બાંધકામ ચાલુ રાખતા સદર પ્લોટનો અમુક ભાગ લાગુ ૯.૦૦ મી. ના ટી.પી.રસ્તાની અસર હેઠળ હોય, સદર જગ્યામાં શરૂ કરેલ આશરે ૪૬' × ૧૧' (એવરેજ) માપ વિસ્તારમાં ગ્રા.ફલોર + ચાર માળનું આર.સી.સી. બીમ તથા સ્લેબ અને ચણતર સહિતનું દબાણ અત્રેથી દુર કરી ટી.પી.રસ્તાનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. સદર મિલ્કતને લાગુ ફા.પ્લોટ નં.૧૮ થી નોંધાયેલ ગાર્ડનના રીઝર્વેશનવાળી જગ્યામાં આશરે ૧૭' × ૫૫' માપ વિસ્તારમાં આવેલ હયાત ગ્રા.ફલોર વાળી મિલ્કતમાં આર.સી.સી.બીમ, કોલમ, સ્લેબ તથા ચણતર સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૭૦ (અ.કો.છા.ઉ.) ડ્રાફટ તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગરૂપે ટી.પી.રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં.૩૭/બી, ૨૭૮/એ વચ્ચેથી પસાર થતો ૪૫.૦૦ મી. પહોળાઈના રસ્તામાં નડતરરૂપ આશરે ૧૦૦ ચો.મી. માપ વિસ્તારમાં રહેલુ ભોંયતળિયા +પ્રથમ માળનું ચણતરનું પાકું બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૧૭ થી નોંધાયેલ સુએઝટ્રીટમેન્ટ પ્લાન્ટ વાળી જગ્યામાં દબાણરૂપ ચાર ઝુંપડાઓનું ડીમોલીશન કરી આશરે ૧૪૭.૩૫ ચો.મી. જગ્યા ખુલ્લી કરાવવામાં આવેલ છે.

**TOP**

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)શકિત વિજય સોસાયટીના ૩૦.૦૦ મી. ના નહેરવાળા ડી.પી. રસ્તા પર દબાણ /ડિમોલીશનની કામગીરી :-

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી પસાર થતા ૩૦.૦૦ મી. ના નહેરવાળા ડી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા અસર હેઠળ આવે છે. જે પૈકી સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે દબાણ કરી સદર નહેર/ રસ્તા પૈકીના ભાગમાં હાલમાં બનેલ નવા બાંધકામ પૈકી કુલ (આઠ) રૂમોના ચણતર તથા પતરાનું બાંધકામ તોડીને આશરે કુલ ૭૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ આગામી દિવસોમાં સૂચિત નહેર વાળા ડી.પી. રસ્તા પરના બાંધકામોને દુર કરવા અંગેની ઘનિષ્ઠ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કચેરીના કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી તથા દબાણ ખાતાના સ્ટાફ પાર પાડવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૩૪૫/અ/બ ચાંલ્લાગલી, ગોપીપુરા, સુરત વાળી મિલ્કતમાં મહાનગરપાલિકાની પરવાનગી વગર હયાત ભોંયતળીયા વત્તા એક માળવાળી મિલ્કતમાં હીત ધરાવનારાઓ શ્રીમતિ કલ્પનાબેન ગીરીશકુમાર મેપાની, શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ તથા બીજાઓ ધ્વારા ભોંયતળીયે દુકાન બનાવવાનાં ઈરાદાથી રોલીંગ શટર ફીટ કરવામાં આવેલ હોવાનું જણાતાં આજ રોજ ભોંયતળીયે ફીટ કરવામાં આવેલ પાંચ રોલીંગ શટર દબાણ ખાતાના સ્ટાફના સહયોગથી દુર કરી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## "૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–

સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧મી નાટ્ય સ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો તા.૧૯/૦૧/૨૦૧૪ થી તા.૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સરદાર પટેલ સ્મૃતિ ભવન, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન સામે, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેનો શુભારંભ સમારોહ તા.૧૯/૦૧/૨૦૧૪ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશ દેસાઈની અધ્યક્ષતામાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસાના વરદહસ્તે રાખવામાં આવેલ છે. આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માંણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં.

:: ૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો કાર્યક્રમ ::

| ક્રમ | તારીખ/વાર | વિજેતાક્રમ | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯.૦૧.૨૦૧૪ રવિવાર | દ્વિતીય વિજેતા | વૈશાખી કોયલ | એચ.કે.આર્ટસ | કપિલદેવ શુકલ |
| ૨ | ૨૦.૦૧.૨૦૧૪ સોમવાર | તૃતીય વિજેતા | છેલ્લી તરસ ગંગાજળ માંગે | ફોરમ આર્ટ | વૈભવ દેસાઈ |
| ૩ | ૨૧.૦૧.૨૦૧૪ મંગળવાર | ચર્તુથ વિજેતા | તોખાર | સીલ્યુએટ થીએટર્સ | દેવાંગ જાગીરદાર |
| ૪ | ૨૨.૦૧.૨૦૧૪ બુધવાર | પ્રથમ વિજેતા | ખેલંદો | કે.ડી.એન્ટરટેઈનર | તથાગત શુકલ |

TOP

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ''સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો'' અને ''રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો'' તથા ''શિલ્પગ્રામ મેળા''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

**સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત પુસ્તક મેળો ૨૦૧૩–૧૪માં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેની માહિતી**

| ક્રમ | તારીખ/વાર | સ્પર્ધા (સવારે/બપોરે) | સ્પર્ધા (સાંજે) |
|---|---|---|---|
| ૧ | ૨૩/૦૧/૨૦૧૪<br>ગુરૂવાર | ઉદ્‌ઘાટન સમારોહ | ગૃપડિસ્કશન સ્પર્ધા<br>(માધ્યમિક/કોલેજ/સીનીયર સીટીઝન વિભાગ ) |
| ૨ | ૨૪/૦૧/૨૦૧૪<br>શુક્રવાર | સ્પોર્ટસ પર આધારિત ફન ગેમ્સ<br>(ધો.૫ થી ૮) | યોગા શો |
| ૩ | ૨૫/૦૧/૨૦૧૪<br>શનિવાર | –સુલેખન સ્પર્ધા (ધો.૧ થી ૪<br>–નિબંધ સ્પર્ધા (ધો.૫ થી ૮) | જનરલ નોલેજ કવીઝ (ધો.૮ થી ૧૨) |
| ૪ | ૨૬/૦૧/૨૦૧૪<br>રવિવાર | – | –વેશભૂષા હરિફાઈ (ધો.૪ થી ૭)<br>–દેશભકિત પર આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન (ધો.૫ થી ૧૨) |
| ૫ | ૨૭/૦૧/૨૦૧૪<br>સોમવાર | શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા<br>(માધ્યમિક / કોલેજ વિભાગ) | પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન<br>(માધ્યમિક/ કોલેજ/ ખુલ્લો વિભાગ) |

આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં ઝુંપડા/દબાણ હટાવ ઝુંબેશ :–

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ) ફા. પ્લોટ નં. ૨૨/બી કે જે સુરત મહાનગરપાલિકાનો રીઝર્વેશનનો પ્લોટ છે. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા ''એકતા નગર'' વસાહતમાં લાભાર્થીઓને પ્લોટ ફાળવી વસાવવામાં આવેલ છે. સદર ''એકતા નગર'' માં આવેલ ફાળવણી કરેલ પ્લોટસ સિવાયની ખુલ્લી જગ્યામાં વસવાટ કરનારા ઈસમો ધ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરી કાચા/પાકા ઝુંપડાઓ બનાવી વસવાટ શરૂ કરવામાં આવેલ. આજ રોજ આ ગેરકાયદેસર ઝુંપડાઓ તથા દબાણ વરાછા ઝોનના સ્ટાફ દ્વારા દુર કરી જગ્યા ખુલ્લી કરવાની કામગીરી કરવામાં આવેલ સદર ઝુંબેશ અન્વયે કાચા/પાકા આશરે દશ ઝુંપડા દુર કરી આશરે ૧૧૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. ઉપરાંત સદર ''એકતાનગર'' ને લાગુ ૧૨.૦૦ મી. પહોળા રસ્તા ઉપર રોડની બંને બાજુએ ફુટપાથ ઉપર વસવાટ કરતા તથા અન્ય ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણો ઉભા કરી ગંદકી ફેલાવતા હતાં. જે દબાણ તથા ગંદકી પણ આરોગ્ય ખાતાના સ્ટાફ સાથે સંકલિત ઝુંબેશ કરી દૂર કરવામાં આવેલ.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૮(ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૩૪ પૈકી અરિહંત માર્કેટ ગોડાઉન વાળી જગ્યામાં આશરે ૯.૪૦ મી. × ૪૦.૦ મી. (એવરેજ) માપવિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગ્રાઉન્ડ ફલોર ઉપર લોખંડના ગર્ડર / ચેનલ ઉભા કરી ફેબ્રીકેશન કરી ફરતે ચણતરકામ કરીને પ્રથમમાળ બનાવવાના ઈરાદે શરૂ કરવામાં આવેલ બાંધકામ દુર કરવાની કામગીરી આજરોજ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ટેકનીકલ સ્ટાફ અને દબાણ સ્ટાફની મદદથી શરૂ કરવામાં આવેલ છે.

TOP